# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૬ • સળંગ અંક ૧૦૧ • મુંબઈ • એપ્રિલ ૨૦૧૫ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખ સ્થાનેથી...

સૌ પ્રથમ તો મને ભારે બહુમતીથી વિજયી બનાવવા માટે હું આપ સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું. આપ સૌએ મારામાં જે પ્રેમ અને વિશ્વાસ મૂક્યો છે તેથી મારો અને સહકાર્યકરોનો ઉત્સાહ ખૂબજ વધી ગયો છે. **પાટણ જૈન મંડળ થકી સમાજનું નવનિર્માણ એજ મારું લક્ષ્ય છે. શિક્ષણના ક્ષેત્રને હું અગ્રતા ક્રમ આપું છું.** પાટણ સમાજના જરૂરિયાતવાળા દરેક વિદ્યાર્થી ભાઈ/બહેનોને આર્થિક સહાય દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવી ઉંચાઈને પ્રાપ્ત કરે એ જોવાની ઈચ્છા મારી તથા મારા સાથીદારોની છે.

આજની વધતી જતી મોંઘવારીમાં આપણો મધ્યમ વર્ગ અનેક પ્રકારના આર્થિક પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે. અમો અનેક પ્રકારના આર્થિક શ્રોતોનો અભ્યાસ કરી રહ્યા છીએ, જેથી આપણા સમાજના જરૂરીયાતમંદોને સંપૂર્ણ રીતે મદદરૂપ થઈ શકીએ. શિક્ષણ ક્ષેત્રે આપણી પાટણ બેન્ક આપણને દરેક રીતે સહકાર આપવા તત્પર છે. જો આપ પાટણ બેન્કના શેરહોલ્ડર્સ હશો તો ખૂબ જ સસ્તા દરે (૭ ટકા) આપને શિક્ષણ માટે લોન મળશે. આપણા સમાજના દરેક સભ્યને મારી વિનંતી છે કે, જો તમે બેન્કના શેર હોલ્ડર ન હોવ તો તાત્કાલિક શેરહોલ્ડર્સ બની જશો જેથી આપ સસ્તા દરની શૈક્ષણિક લોન મેળવી શકશો.

આપણા ઉપપ્રમુખ શ્રી વી.પી.શાહ તેમના 'જીતો'ના સંબંધનો ઉપયોગ કરીને ઉચ્ચ શિક્ષણ માટે તથા વિદેશમાં અભ્યાસ માટે લોનની વ્યવસ્થા માટે મદદરૂપ થશે. જૈનોને લઘુમતિ કોમ તરીકે જે લાભ મળે છે તે લાભ પણ આપણા સમાજને મળે તે માટે પણ અમે પ્રયત્નશીલ છીએ. અમે બેન્કોના, ટ્રસ્ટોના તથા સામાજિક સંસ્થાઓના સંપર્કમાં રહીશું તેથી આપણા સમાજમાં આર્થિક

## From President's Desk...

My heartfelt thanks to all of you for your overwhelming support in electing me as your President for the next 3 years. I send my greetings to one and all and invite you to join and participate wholeheartedly in Mandal's multifarious Activities. I am grateful for the love, affection and Confidence shown in me and my Team members for taking **PJM to greater heights.**

My colleagues in about 3 dozen Committees have already started their work in the right earnest and they will be soon coming up with their plans and programs for the coming year. You will also observe a **New look Pratibimb** from the next publication onwards. All issues of Pratibimb will highlight the Activities and Programs which will be carried out by Shree Patan Jain Mandal. In this Pratibimb also, you will observe the centre fold pages are reserved for Mandal's various upcoming Activities.

It is our solemn duty and ambition to uplift our Samaj and **our priority is to take care of the most needy families, especially those who still require food subsidy.** We wish to ensure that they are better supported through maximum subsidy for Education, Coaching Classes, Skill Development, Grah Udyog etc. **Similarly most needy handicapped children will be given increased Financial Subsidies for Educational & Skill Development. Entire Patan Samaj looks forward to inclusive growth, economic empowerment of all and spreading happiness amongst the Patanis.** We will do our best to achieve this.

કારણોસર કોઈ પણ સભ્ય ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે.

શિક્ષણ અંગેની આર્થિક સહાય વ્યાજના ઓછા દરે મળી રહે તે માટે આપને નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપશું. શિક્ષણને લગતી કોઈપણ સમસ્યા માટે આપ શિક્ષણ સમિતિના મંત્રીઓનો વિના સંકોચે સંપર્ક કરી શકશો.

દિન-પ્રતિદિન વધતા જતા મેડીકલ ખર્ચને પહોંચી વળવા માટે મેડીકલ સમિતિ પ્રયત્નશીલ છે. મેડીકલ સમિતિ પાસે અનેક નવીન સૂચન પણ આવ્યા છે. આપણા સંપર્કનો ઉપયોગ કરીને અદ્યતન મેડીકલ સુવિધાઓનો ઉપયોગ ઓછા ખર્ચમાં કરવા માટે મેડીકલ સમિતિ કાર્યરત છે.

આપણા સમાજના લગભગ ૩૦૦ કુટુંબોની આર્થિક ઉન્નતિ માટે પણ અમો ચિંતિત છીએ. એમને નોકરી / ઉદ્યમ દ્વારા એમની જીવનશૈલીમાં પરિવર્તન લાવવા માંગીએ છીએ. આ કુટુંબોને માનભેર આર્થિક સહાય આપવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

સમાજના વિકલાંગ બાળકોના પરિવારોને પણ અગ્રતાક્રમે શૈક્ષણિક / મેડીકલ / આર્થિક સહાય આપવાની અમે તૈયારી કરીએ છીએ. વિકલાંગ બાળકોના ભાઈ-બહેનોને શૈક્ષણિક સહાય તથા તેમના પરિવારોને ખાસ સહાય દ્વારા વિકલાંગ બાળકોને નિયમિત જીવનમાં પડતી તકલીફો દૂર કરવા અમે પ્રયત્નશીલ રહીશું.

મિત્રો, આવા અનેક કાર્યક્રમો ઉપરાંત અમે **'જીવન સૌરભ'** દ્વારા વરિષ્ઠ નાગરિકોનું મિલન, જીવન 'મહેક' દ્વારા યુવાન સભ્યો વચ્ચે સંવાદ તથા સમાજમાં છુપાયેલી **ટેલન્ટને જાગૃત કરવા ટેલન્ટ પરેડ**નું પણ આયોજન કરશું. આપણા સમાજના મુખપત્ર 'પ્રતિબિંબ'માં પણ અનેક ફેરફાર દ્વારા એને માહિતીપ્રદ અને રસપ્રદ બનાવવાનું આયોજન છે.

**આ બધા કાર્યક્રમો માટે સંસ્થાની આર્થિક જરૂરિયાત વધે છે, જે પૂર્ણ કરવા અમે 'પાટણ ડોનર્સ ફાઉન્ડેશન'ની સ્થાપના કરવાનું નક્કી કર્યું છે. તા. ૯ એપ્રિલની પહેલી જ મેનેજીંગ કમિટિની મિટિંગમાં સર્વાનુમતે સંમતિ મળી હતી. હું અને સમાજના સહૃદયી દાતાઓ રૂા. ૧ લાખથી ૨ લાખ દર વર્ષે ત્રણ વર્ષ માટે આપવા તૈયાર છીએ.** અમારું લક્ષ્ય આ રૂપિયા શિક્ષણ, મેડીકલ અને સામાજિક ઉન્નતિ પાછળ દર વર્ષે જ ખર્ચ કરવાની છે. સંસ્થાના કાર્યકરો જ્યારે આપનો સંપર્ક કરે ત્યારે આપ પણ સમાજના નવનિર્માણ માટે ઉમદા દાન આપી અમારો ઉત્સાહ વધારશો.

સમાજના સફળ વ્યવસાયીઓ અને બુદ્ધિજીવીઓ બદલાતા સંજોગોમાં સમાજને દિશા સૂચન કરી શકે તે માટે **'બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ'**ને બનાવવાનું નક્કી કર્યું છે. બોર્ડના સભ્યો સમાજના આર્થિક વિકાસ માટે માર્ગદર્શન આપશે.

માજી પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ અને સાથીદારોએ ગત છ વર્ષ દરમ્યાન આપેલ યોગદાન સરાહનીય છે અને સમાજની

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ત્રીજું)

**United we will Stand, Co-operatively we will work and Together we will raise the Standard of our Samaj.** I seek you co-operation, support and God's blessings in this noble Endeavour. I hope you will all join us in this Holy Crusade. We invite our Youth and Ladies to actively participate in various activities. My monthly letter in Pratibimb and many articles will also be in English. Our Management is equally committed to Good Governance and transparency with Collective and Co-operative Administration.

Our ambitious projects for the Samaj require much more funds on a regular revenue basis. **As such, to meet the increased demand for the revenue expenses / reliefs, we have to collect over Rs. 1 crore of Donation every year.** We are committed to spend this money within one year itself so that the people get the desirable, required reliefs **NOW.** This will mean that the Mandal will be able to give bigger amounts of reliefs to a greater number of families. **We hope that the Samaj appreciates this New Approach. We request the members to contribute generously and come forward and commit minimum of Rs. 1 to 2 lacs every year for three years.** To start with I and many of my colleagues have already promised individual contribution of Rs. 2 lacs each this year. **We hope and appeal to all Donor families to support the Mandal in an Enthusiastic way.**

I am also happy to share with you that the new Management believes in embracing more people into the Mandal's fold and wishes that more members join the August Body of the Managing Committee. In the last 2 years, hardly any members came forward to become members of the Managing Committee. Therefore in the first meeting of the Managing Committee dated 9th April '15, **contribution for permanent membership has been reduced from Rs. 2.0 lacs to Rs. 1.25 lacs** so that more Patanis can participate as permanent Members of the Managing Committee.

In this meeting, care has been taken to see that our Mandal's contacts with the Donors can be kept live and strong, and as such **Patan Donors' Foundation** has been created for closer liaison and interactive discussion and participation between the Donors and the Mandal can take place from time to time.

I also thank the outgoing President Shri Dineshbhai Rasiklal for his able guidance of our

[ CONTINUED ON PAGETHREE ]

**પ્રમુખસ્થાનેથી...** (અનુસંધાન પૃષ્ઠ બીજાથી ચાલુ)

પ્રગતિ માટે તેઓનો સક્રિય સાથ અપેક્ષિત છે.

સમાજની પ્રગતિ માટે અમે જે યજ્ઞનો પ્રારંભ કર્યો છે તેમાં સૌના સક્રિય સાથ-સહકારથી આપણે **પાટણની પ્રભુતાને પ્રસ્થાપિત કરીએ.**

☐ **દિનેશ શાંતિલાલ શાહ**

**FROM PRESDENT'S DESK...** [ Cont. from page 2 ]

Mandal during the last 6 years. I am again thankful to all Managing Committee members and my colleagues for their enthusiastic support. **I assure you all that we will work with great devotion for the task ahead of building a Strong and *'Shreshtha'* Samaj.**

☐ **Dinesh Shantilal Shah**

# શ્રી પાટણ જૈન મંડળની પ્રમુખપદ ચૂંટણી (૨૦૧૫)

સને ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા સને ૨૦૧૭-૧૮નો આગામી ત્રણ વર્ષ માટે મંડળના બંધારણ અને ધારાધોરણની કલમ ૨૧(૧) અન્વયે સંસ્થાના પ્રમુખશ્રીની નિમણૂંક બાબતે તા. ૨૬-૨-૨૦૧૫ વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલ માર્ગદર્શિકા અને કાર્યપદ્ધતિ અનુસાર બુધવાર, તા. ૨૬-૩-૨૦૧૫ના સાંજે ૩.૩૦ થી ૭.૦૦ દરમ્યાન ગુપ્ત મતદાન પદ્ધતિથી નિશ્ચિત કરવામાં આવેલ. જેમાં વ્યવસ્થાપક સમિતિના કુલ ૬૬૮ સભાસદોમાંથી ૫૧૧ સભાસદો દ્વારા રૂબરૂ આવીને મતદાન કરવામાં આવ્યું હતું. જે પૈકી ૩ સભાસદોના મત રદ્દ થતાં કુલ ૫૦૮ સભાસદોના માન્ય મતોની ગણતરી કરવામાં આવી હતી. જેથી કુલ ૮૩.૧૪ ટકા મતદાન થયું હતું. **જે સંસ્થાના ઈતિહાસમાં કદાચ વધુમાં વધુ મતદાન સુવર્ણાક્ષરે અંકિત થશે.**

મતગણતરી તે જ દિવસે ૭.૦૦ કલાકે શરૂ થઈ હતી અને લગભગ ૭.૩૦ વાગે મળેલ મંડળની વ્યવસ્થાપક સમિતિની સભા સમક્ષ તેના અહેવાલની ચૂંટણી નિરિક્ષક શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

**ઉમેદવારોને મળેલ મત :**

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - ૨૮૫**

**શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ - ૨૨૩**

આમ ભારે બહુમતિથી વિજયી થયેલ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**ને આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખપદે ઉત્સાહ અને હર્ષભેર આરૂઢ કરવા વ્યવસ્થાપક સમિતિને ભલામણ કરવામાં આવી હતી. તદ્અનુસાર **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**ને સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (માનદમંત્રી, એડમીનીસ્ટ્રેશન) દ્વારા સર્વાનુમતે જાહેર કરવામાં આવ્યા હતા. તેમજ પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રમુખસ્થાનેથી શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે પણ નવ નિયુક્ત શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહને સંસ્થા વતી બૂકે અર્પણ કરી શુભેચ્છા સહ અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ, સૌ સભાસદોએ હર્ષોલ્લાસ સાથે ખુશનુમા વાતાવરણમાં શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહને અભિનંદન આપ્યા. તેના પ્રત્યુત્તરમાં સભાજનોને સંબોધન કરતાં શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે જણાવ્યું હતું કે, પ્રમુખ તરીકે આપ સૌએ મારી નિમણૂંક કરેલ છે, તે બદલ આપ સૌનો હું હાર્દિક આભાર માનું છું.

વધુમાં જણાવ્યું હતું કે,

☐ શ્રી પાટણ જૈન મંડળને નવી ઊંચાઈ ઉપર લઈ જવાના મારા તથા મારી ટીમના સભ્યોના નિર્ધારને આપ સૌએ વિશ્વાસ મુકી મને **લાગણી** અને પ્રેમમાં ભીંજવી દીધો છે.

☐ હું સામાન્ય પરિવારમાં જન્મ્યો છું અને મારું બાળપણ પણ આ મંડળના મકાનોમાં વિત્યું છે.

☐ સમાજના અતિ જરૂરિયાતમંદ પરિવારજનોના ઉત્કર્ષ માટે કાંઈક કરું એવી મારી **ફરજ અને કર્તવ્યનિષ્ઠા** છે અને એમની ખુશીઓ માટે મારાથી બનતા પ્રયત્ન કરીશ.

☐ આપણે સૌ ભેગા મળી, પડખે ઉભા રહી એકમેકના સહકારથી સમાજના કાર્યો કરીશું તો જરૂર સફળતા મળશે જ ! આપ સૌ મને સહકાર આપશો તેવી આશા છે.

☐ હું મારી સામેના તાત્કાલિક પડકારોનો સફળતાથી સામનો કરવા મજબુત અને શક્તિશાળી ટીમની રચના કરવા તરફ આગળ વધું છું. હાલ પુરતું એડહોક કમિટિની નિમણૂંક કરીશ અને ત્યારબાદ આવનારી વ્યવસ્થાપક સમિતિની સભામાં હોદ્દેદારો તથા સમિતિઓની જાહેરાત કરીશ.

☐ મારી સામેના પડકારોમાં તમારા સાથ અને સહકારની અપેક્ષા રહેશે, અને તેમાં મુખ્યત્વે **વી. પી. શાહ, તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, રોહીતભાઈ મહાસુખલાલ શાહ અને દિપકભાઈ રેવંતિલાલ શાહ**ના સાથ અને સહકારથી, વિચારોની આપલે દ્વારા કાર્યોનું આયોજન ગોઠવીશ જે માટે તમારી સંમતિ અને શુભેચ્છાઓની આશા રાખું છું.

☐ આ અવસરે હું નિવૃત્ત થતા મંડળના પ્રમુખ, **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**નો આભાર માનુ છું. તેમના છ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરેલ સમાજ ઉત્કર્ષ કાર્યોને બિરદાવું છું, અને અમારા ભવિષ્યના કાર્યોને પણ તેમનું માર્ગદર્શન તથા સહકાર પ્રાપ્ત થશે તેવી આશા રાખું છું.

શારિરીક અશક્ત સભાસદો માટે ખાસ તેમની ગાડી સુધી રૂબરૂ જઈ નિરીક્ષકો દ્વારા તેમને મતદાન અંગેની વ્યવસ્થા કરી આપેલ તે ઉલ્લેખનીય રહેશે.

ક્રિકેટ વર્લ્ડ કપ - ૨૦૧૫ની ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની અત્યંત મહત્ત્વની સંખ્યામાં જાગૃત સભાસદોએ હાજર રહી પોતાની ફરજ અદા કરી તે બદ્દલ તેઓ સર્વે પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

**શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ તથા શ્રી નરેશભાઈ નેમચંદ શાહ** દ્વારા નિરીક્ષક તરીકેની કપરી ફરજ સુંદર રીતે બજાવવા બદ્દલ તેમના પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો.

☐ **શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રીસ્થાનેથી...

# અજવાળું કરે તે આદિત્ય, જીવન સુધારે તે સાહિત્ય

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના પ્રમુખપદની ચૂંટણીમાં વિજયી થયેલ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહને હાર્દિક અભિનંદન. સમાજની અપેક્ષાઓને સાર્થક કરવા નવનિર્વાચીત પ્રમુખ અને સહકાર્યકર્તાઓ કટિબદ્ધતાથી કાર્ય કરી સફળતા પ્રાપ્ત કરશેજ એવી શુભેચ્છા...

ધારા (અવન્તી) નગરીના રાજા ભોજની સભામાં અનેક દેશોના પંડિતો ભેગા થયા હતા. તેમાં ચર્ચા ચાલતી હતી કે, 'આદિત્ય અને સાહિત્ય' બે માંથી જીવનને કોણ અજવાળે ? લગભગ બધા પંડિતો, આ વિષય પર વાદ-વિવાદ કરતા હતા. આઠે પંડિતોની સાથે ચર્ચા કર્યા બાદ જ્યારે કવિ ભારતીનો વારો આવ્યો ત્યારે માત્ર થોડાંક જ શબ્દોમાં બોલી ઉઠ્યા કે, 'અજવાળું કરે તે આદિત્ય, જીવન સુધારે સાહિત્ય.'

આ જવાબ સાંભળતાં જ રાજા ભોજ, સૌ પંડિતો તથા સભાજનો આનંદ વિભોર બની ગયા, પછી આગળ વધારે ચર્ચા કરવાનો અવકાશ જ ન રહેતા રાજા ભોજે કવિ ભારતીનું આદરપૂર્વક સન્માન કર્યું. કવિ આવા જ કંઈક વિચારો સાથે સહમત થતાં હતાં. બર્ટ્રાન્ડ રસેલ જેવા મહાન લેખક, ફિલોસોફર શું કહે છે તે તેમનાં જ શબ્દોમાં અહીં જોઈએ. અને સમજવાનો પ્રયત્ન કરીએ. હું એ દિવસોની રાહ જોઉં છું જ્યારે દિવાનખાનાના ફરનીચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે. મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. કોઈપણ દિવાનખાનાની અંદર પ્રવેશું ત્યારે સૌથી પહેલાં ત્યાં પડેલા સામાયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ બધાનું મૂલ્ય છે જ, પણ આ ગુણોના વર્ધનમાં સાહિત્ય જેટલું મૂલ્યવાન પરિબળ બીજું નથી. જે લોકો શબ્દની શક્તિ જાણે છે, તેમના માટે સારા પુસ્તકો એક મહાન મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે એ સાથે પોતાના મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે-બર્ટ્રાન્ડ રસેલ

આ રીતે જ આપણું મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ' એ માત્ર થોડાક કાગળના પૃષ્ઠો...શાહી વડે લખાયેલા અક્ષરો ન રહેતા, પાટણ જૈન સમાજની વૈવિધ્યભરી, જીવન પ્રેરક અને પોષક એવી વાંચન-વાનગીનો રસથાળ લઈને, વિશિષ્ઠ પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ ઝીલે છે.

વાંચવું એટલે જ વિકસવું. વાંચન આખરે તો સ્વને પોતાના જીવન સાથે જોડે છે. એ વાંચન કાંઈ કામનું નહિ, આપણે સૌની જીવનયાત્રાને અજવાળું આપી, સુધારવાનું કામ કરી તેવા ઉત્તમ પ્રકારના સાહિત્ય સર્જકોને પાટણ પ્રતિબિંબ હાર્દિક ઈજન આપે છે. સ્કૂલ ભણતા વિદ્યાર્થીઓને પણ લક્ષમાં રાખ્યા છે. વર્તમાન કાળમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લઈ રહેલી આપણી નવી પેઢીને કેમ ભૂલી શકાય ? તેઓ પાટણ પ્રતિબિંબને પોતાનું આત્મીય બનાવી શકે અને સમાજના પરિવારો સાથેનો મૈત્રી સંબંધ પણ ફેલાવી શકે તેવી અમોને આશા છે કે મિત્રો ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષા પર સારું પ્રભુત્વ ધરાવતા હોય તેવા મિત્રો પોતાની ઉત્તમ કૃતિ સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં લખીને મોકલી શકે છે.

મોગલ ગાર્ડનમાં ફરવા નીકળ્યા હોઈએ, તો જાતજાતના વિવિધ રંગબેરંગી ફુલોથી સભર રંગલીલા મનને ટાઢક આપે છે. તાજગી આપે છે તેવી જ રીતે સૌ વાચક મિત્રોના મનહૃદયમાં મહોરે, ગુંજી રહે તેવી સામગ્રી આપવાની સંપાદક સમિતિની નેમ છે.

બસ ! જોઈએ માત્ર આપ સૌનો સાથ અને સહકાર.

–અસ્તુ.

☐ **સંપાદક સમિતિ**


**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

# શ્રી પાટણ જૈન મંડળ

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓના સરળ સંચાલન માટે સને ૨૦૧૫–૧૬ થી ૨૦૧૭-૧૮ના નીચે મુજબના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા સમિતિઓની નિમણૂક કરવામાં આવી છે.

**ટ્રસ્ટ બોર્ડ:**

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - મેને. ટ્રસ્ટી**
શ્રી નીરંજનભાઈ અમૃતલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી પંકજભાઈ પનાલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી - ટ્રસ્ટી
શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ - ટ્રસ્ટી

**હોદ્દેદારો :**

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - પ્રમુખ**
શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા - ઉપપ્રમુખ
શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ - ઉપપ્રમુખ
શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ - ઉપપ્રમુખ
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ - ઉપપ્રમુખ
શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી - ઉપપ્રમુખ
**શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ - માનદમંત્રી**
**શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ - માનદમંત્રી**
**શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ - માનદમંત્રી**
શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર - સહમંત્રી
શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ - સહમંત્રી
શ્રી રાજકુમાર નવીનચંદ્ર શાહ - સભ્ય
શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ - સભ્ય

**એડમીનીસ્ટ્રેશન સમિતિ :**

**શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ - ઉપપ્રમુખ**
**શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ - ઉપપ્રમુખ**

**ફાઈનાન્સ સમિતિ :**

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - પ્રમુખ**
શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા - માનદમંત્રી
શ્રી શૈલેશભાઈ સેવંતિલાલ શાહ - માનદમંત્રી
શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહ - માનદમંત્રી
શ્રી દેવેશભાઈ રમેશભાઈ શાહ - સહમંત્રી
શ્રી અમીતભાઈ હેમેન્દ્રભાઈ શાહ - સભ્ય
શ્રી નલીનકાન્તભાઈ કેસરીચંદ શાહ - સભ્ય
શ્રી તુષારભાઈ જિતેન્દ્રભાઈ શાહ - સભ્ય

✶ ✶ ✶

નોંધ : અન્ય સમિતિઓ આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ – મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

## ECONOMIC UPLIFTMENT

Main Objective of this Committee is to develop and support, new & dynamic entrepreneurs. When we say about entrepreneurs, we include people from all walks of life i.e. Young boys & girls, housewives, retiree's likewise. To achieve this Objective, Shree Patan Jain Mandal & Patan Co-Operative Bank will provide you with necessary finance and useful information related to projects and guidance for Success and Excellence.

Economic Upliftment Committee wishes to promote greater business success in your chosen field. We wish to organise B2B Seminars, participate in appropriate Trade Fairs and promote Cooperative Marketing. We would also like to have an e-Directory of Patani Businessmen and Professionals through cooperative and joint efforts, it is hoped that the Patani Businessmen and Enterpreuners will set higher goals for themselves and achieve them through brotherly help from Stalwarts in similar business and Professionals.

Therefore Shree Patan Jain Mandal will organize a **Highly Creative Seminar** in the month of May / June which will help all to establish better understanding about our processes & your project. Detailed information about Seminar will be provided in the next edition of Patan Pratibimb. Our Committee members will also inform you about seminar on phone via sms and e-mails. We wish to motivate you to join in this endeavour and get maximum benefit for fulfillment of your dreams.

**Be Happy , Be Prosperous.**

## ઈકોનોમીક અપ્લીફ્ટમેન્ટ

શ્રી પાટણ જૈન મંડળના નવા ચૂંટાયેલા પ્રમુખ તથા તેના સાથીદારોની આગેવાનીમાં પાટણ જૈન સમાજ નવા શિખરો ઉપર પહોંચે અને સમાજ સમૃદ્ધ આર્થિક રીતે સુદ્દઢ બને એવા નવા અભિગમથી ઈકોનોમિક અપલીફ્ટમેન્ટની નવી કમિટિની રચના થયેલ છે.

આ સમિતિનો મુખ્ય ઉદ્દેશ સમાજમાંથી નવા સાહસિક વેપારીને ઉદ્યોગપતિ બનાવવા અને selfmade women enterpreneurs થવામાં મદદરૂપ થવું.

શ્રી પાટણ જૈન મંડળ અને પાટણ બેન્ક આવી સાહસિક પ્રવૃત્તિઓ માટે જરૂરી ફાયનાન્સ પ્રોજેક્ટ ડેવલપમેન્ટની વિગતો અને માર્ગદર્શન આપશે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આ તદ્દન નવા પ્રોજેક્ટને લોકો સુધી પહોંચાડવા માટે મે - જુનના અંકમાં સુંદર high creativeity સેમીનારનું મુંબઈના પરામાં આયોજન કરી રહ્યા છીએ જેની વિગત આવતા પ્રતિબિંબમાં આવશે અને એની જાણ ફોન અને ઈમેલ દ્વારા કરવામાં આવશે. વધુમાં વધુ લોકો આમાં ભાગ લે અને આવનારી તકોનો સુંદર ઉપયોગ કરીને જીવનને સમૃદ્ધ બનાવે.

**□ Economic Upliftment Committee**

## EDUCATION

First Meeting of Office Bearers of Education Committee was held recently in the presence of President Dinesh S. Shah, Vice Presidents V P Shah & Deepak R. Shah and Secretaries Jatin Kirtikumar, Sandeep Rameshchandra & Yogesh Ravindrabhai.

As per then Minority Status, we are now eligible for all schemes run by the State and the Centre, (under u/s 2 C of NCM act 1992 and is supported by the Article 29 and 30 of the Constitution of India). In order to avail of these benefits, we intend to make the process more simple and assist you in availing Loans faster so that no student is deprived of Higher Education.

**The present Management is anxious and committed to fulfilling the Dreams of the aspiring students.** It has been our endeavour to help the students in all possible ways for best scholastic achievements. **PJM Vision is to ensure that every student is a Graduate and possibly has an additional Degree or a Diploma.**

Shri Dhirubhai Ambani often said that **Knowledge is Power** and the goal of advanced society is to help students to gain knowledge regardless of their financial position. We are urgently revising our Committee Guidelines and will be allocating more funds and also more amount as loans for education.

From the past records, we have observed that the loan amount given or arranged by PJM has been dismal. This must be corrected. In the coming years, we want to develop contacts and procedures, so that educational loans are accessible to students and parents with minimum documentation. Fortunately Shri V P Shah having had successful experience of JITO Education Loan Program is anxious to bring those benefits to our Patani students. Benefit of loans from existing Jain Institutions, Banks and with minority status would be a great help and savings to students and the parents.

**We wish all students Best of Luck for their upcoming final exams.**

**□ Education Committee**

## અપરિણિત યુવક-યુવતી સ્નેહમિલન સમારોહ
## MATRIMONIAL

અપરિણિત યુવક યુવતીઓ Self Introduction દ્વારા એકબીજાના પરિચયમાં આવી વિચારોના આદાન-પ્રદાન થકી પસંદગીની પૂર્વ ભૂમિકા બાંધે અને વડીલોના સલાહ સુચન સાથે પોતાના મનપસંદ જીવન સાથીની પસંદગી પોતે કરે એજ વર્તમાન સમયની માંગ અને જરૂરિયાત છે.

આવી પરિસ્થિતિઓને સમજવાની સાથે સાથે સમાજનું યુવા ધન સમાજમાં અને સંસ્કૃતિભર્યા વાતાવરણમાં જ રહે અને ફૂલે ફાલે એવા ઉત્તમ આશયથી **સંસ્થાએ આગામી જુન મહિનામાં રવિવાર (લગભગ ૧૪ જૂન) અપરિણિત યુવક-યુવતીઓના એક સ્નેહમિલન સમારોહનું આયોજન કર્યુ છે.**

સંસ્થા દ્વારા આ પહેલા એપ્રિલ, ૨૦૧૩માં આવા સમારંભનું આયોજન કરાયું હતું, જેને સમાજમાંથી ઉમદા પ્રતિસાદ મળ્યો હતો. એકંદરે આ સમારંભ સમાજ માટે પરિણામ લક્ષીય પુરવાર થયો હતો. ત્યારબાદ આવા સમાજલક્ષીય આયોજન કરવા સમાજમાંથી સતત માંગ આવતી રહી છે. પોતાના સંતાનો માટે યોગ્ય જીવન સાથીની પસંદગી એ દરેક પરિવારો માટે એક વિકટ સમસ્યા છે. આવી સમસ્યાઓના સમાધાન માટે અને સમાજની માંગને ધ્યાનમાં લઈ જુન માસ દરમ્યાન સાંતાક્રુઝ ખાતે આ આયોજન કરવામાં આવશે.

આજની યુવા પેઢી કોઈપણ જાતનો સંકોચ ના અનુભવે તેવી સતત કાળજી સાથે સમાજના યુવાધનને એક છત્ર નીચે મુક્ત વાતાવરણમાં પરસ્પર મેળવી, હરતા-ફરતા અને રમતા રાખી, એક બીજાને ગમતા કરવાનો અમારો પ્રયાસ રહેશે.

આ સ્નેહમિલન સમારંભમાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ સંસ્થાના મરીન ડ્રાઈવ, વિલે પાર્લે, ગોરેગાવ તેમજ બોરીવલીની ઓફિસેથી તા. ૧-૫-૨૦૧૫ પછી ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી તા. ૩૦-૫-૨૦૧૫ પહેલા રૂા. ૨૫૦/- ભરીને મોકલી આપવી. કાર્યક્રમની વધુ જાણકારી તા. ૧-૫-૨૦૧૫ પછી સંસ્થાની મુખ્ય ઓફિસેથી મેળવી શકાશે.

સ્નેહમિલન સમારોહ અંગેનું ફોર્મ આ અંકમાં પાના નંબર આઠ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ છે, **આપનું નામ, મોબાઈલ તથા ઈમેલ આઈડી અમને** patanmandal@gmail.com **પર મોકલી આપવા વિનંતી છે, જેથી આપને ફોર્મ મોકલાવી શકાય.**

**☐ જીવન મહેક સમિતી**

## જીવન સૌરભ

**(૬૫ વર્ષથી વધુના ભાઈઓ/બહેનો)**

શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓમાં **'જીવન સૌરભ'**એક અનીવાર્ય અંગ બન્યુ હતું.

પાટણના વતનીઓ છેલ્લા ૧૦૦થી વધુ વર્ષોથી મુંબઈમાં આવ્યા છે. અને તેઓને વારસામાં મળેલ સંસ્કૃતિ સાથે સાધર્મિકોના ઉત્કર્ષ માટે અનેરો ફાળો આપી રહ્યા છે.

પાટણ સમાજમાં **વડીલોને હુંફ મળે** અને તેઓના **આશીર્વાદ** તથા સમાજ સાથે મેળાપ વધે એવી ભાવના સાથે 'જીવન સૌરભ'ની શરૂઆત કરવામાં આવી હતી.

આ આયોજનો મુંબઈ શહેરમાં ઘણાં વર્ષોથી ન થયા હોવાથી નવી 'જીવન સૌરભ' સમિતિએ આ કાર્યને પ્રાધાન્ય આપ્યું છે. મુંબઈના જુદા જુદા વિસ્તારના કુટુંબોના વડીલોને આ આયોજનનો લાભ મળે એ હેતુથી **મુંબઈમાં લગભગ પાંચ ઝોનોમાં શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહના નેતૃત્વ હેઠળ પ્રોગ્રામો કરવાનું પ્લાનીંગ કરેલ છે.**

જીવન સૌરભમાં **મરીનડ્રાઈવ, વાલકેશ્વર, વિલેપાર્લે, ગોરેગામ** તથા **બોરીવલીથી વિરાર** તેમજ **માટુંગાથી મુલુંડ**માં રહેતા પાટણના કુટુંબોને આમંત્રીત કરવાનો પ્રયાસ ફરીથી શરૂ કરવામાં આવેલ છે આ માટે જુદા જુદા વિસ્તારના કાર્યકરોની એક મીટીંગ મંગળવાર, તા. ૧૪-૪-૨૦૧૫ના રોજ શ્રી પાટણ જૈન મંડળના હોલમાં કરી હતી અને આને લગતા કાર્યક્રમો જુન/જુલાઈમાં શરૂ થઈ જશે.

પાટણના વડીલ ભાઈઓ અને બહેનોને 'જીવન સૌરભના'આ આયોજનમાં ભાગ લેવા અનુરોધ છે.

વડીલો આ જાહેરાત વાંચીને આ પ્રોગ્રામોમાં જોડાઈને અવશ્ય લાભ લે, અને અમને પ્રોત્સાહન અને આશીર્વાદ આપે એવી અમારી મહેચ્છા છે.

**સમાજના વરિષ્ઠજનોના સરળ ઝડપી સંપર્ક માટે આપના પરિવારના કોઈપણ સભ્યનો ઈમેલ આઈડી, પાટણનો મહોલ્લો તથા નામ અમને** patanmandal@gmail.com **પર મોકલી આપવા વિનંતી છે.**

**☐ જીવન સૌરભ સમિતિ**

# Shree Patan Jain Mandal

## Unmarried Yuvak-Yuvati Snehmilan Samaroh

**Sunday, 14-6-2015, on 9.30 am**

**Venue : AAJIVASAN HALL**

**Near SNDT College, Juhu-Tara Road, Santacruz (W), Mumbai - 400054**

## REGISTRATION

Form No. .................

Name of Yuvak/Yuvati..........................................................................................................................

Date of Birth : ............................................... Height : .............................. Weight : .......................................

Education : .................................................Mobile No.. ...........................................................................

Occupation : ...............................................E-mail.........................................................................................

Name of Father :.........................................................................................................................................

Address :.........................................................................................................................................

..........................................................................................................................................................

Patan Maholla Name : .............................................................. Resi. No.......................................................

I am interested to participate in this Samaroh : I have sent Rs. 500/- for Registration (Rs. 250/- per person)

Yuvak / Yuvati - Signature:....................................................Parents Signature........................................................

Note:
1. In this Samaroh, Yuvak / Yuvati have to participate with their parents. Candidate will not be allowed without parents
2. Form must be submitted at Marine Drive / Goregaon / Borivali Office.
3. Your registration must be done before 9.30 am at the Hall.
4. Snacks will be served at this samaroh.
5. Colour Photo is compulsory

---

# Shree Patan Jain Mandal

**Unmarried Yuvak - Yuvati Snehmilan Samaroh**

**Date : 14-06-2015, Sunday at 9.30 am**

**Ragistration No. ..............................**

Name of Yuvak/Yuvati...........................................................................................................................

Received Rs. 500/- Signature........................................... Date......................................................

**ખાસ નોંધ : સ્નેહમિલન સમારોહ પ્રવેશ સમયે આ પાવતી સાથે લાવવી જરૂરી છે.**

## ક્રિકેટ ફાઈનલ મેચ અહેવાલ

ગત તા. ૨૯-૦૩-૨૦૧૫, રવિવારના રોજ, સંસ્થાની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા આયોજિત ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની 'ડે-નાઈટ' ફાઈનલ મેચ ગોરેગાંવ સ્પોર્ટ્સ ક્લબ મેદાન–ગોરેગાંવ ખાતે યોજાઈ હતી.

સેમી-ફાઈનલ મેચની વિજેતા ગોરેગાંવ ક્રિકેટ ટીમ અને બોરીવલી ક્રિકેટ ટીમ વચ્ચે રમાયેલી ૨૦ ઓવરની મેચમાં ગોરેગાંવની ટીમે ૯૯ રન બનાવ્યા હતા. બોલરોને સાથ આપતી પીચ પર બોરીવલીના બોલરોએ સુંદર દેખાવ કરી ગોરેગાંવ ટીમને રન બનાવવામાં સીમિત રાખી હતી. ૧૦૦ રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી બોરીવલી ટીમની પણ સમયાંતરે વિકેટ પડતા મેચ ખૂબ રસપ્રદ તબક્કામાં પ્રવેશી હતી. પરંતુ અનુભવી ખેલાડીઓની બોરીવલી ટીમે આ પડકાર ૧૮મી ઓવરમાં પૂરો કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. ગોરેગાંવ ટીમે પણ ઉત્કૃષ્ટ દેખાવ કરી મેચને છેલ્લી ઓવર સુધી રસપ્રદ બનાવી હતી.

મેચ પૂરી થયા બાદ એવૉર્ડ એનાયત સમારંભ રાખવામાં આવ્યો હતો, જેમાં ટુર્નામેન્ટ દરમ્યાનની મેચોના મેન ઑફ ધ મેચ એવૉર્ડ વિવિધ હોદ્દેદારોના હસ્તે અપાયા હતા. ઉપરાંત આજની ફાઈનલ મેચના વિજેતાઓને ઉપપ્રમુખ **શ્રી ભરતભાઈ ડી. શાહે** ટ્રોફી અર્પણ કરી હતી.

આજની ડે-નાઈટ મેચના ખર્ચને પહોંચવા મુખ્ય આર્થિક સહયોગ આપનાર **શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ** (કનાસાનો પાડો) તેમ જ ડ્રેસનું સૌજન્ય આપનાર **શ્રી કુમારભાઈ ચંપકલાલ શાહ** (મારફતીયા મહેતાનો પાડો) તથા સૌજન્ય મેળવવા સફળ પ્રયાસ માટે **શ્રી શૈલેષભાઈ કે. શાહ** અને **શ્રી પરેશભાઈ એ. શાહ** પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સ્પોર્ટ્સ સમિતીના સેક્રેટરીઓ **શ્રી પ્રવીણ એન. શાહ, શ્રી પુનીત સી. શાહ** અને **શ્રી રાજીવ કે. શાહ**ને આ સમગ્ર ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ સંસ્થા તરફથી બિરદાવવામાં આવ્યા હતા. **શ્રી કમલેશભાઈ સી. શાહ (ડાયરેક્ટર)**એ સફળ સંચાલન કરેલ.

ફાઈનલ મેચને નિહાળવા સંસ્થાના હોદ્દેદારો, ગોરેગાંવ તેમ જ બોરીવલી સમાજના અગ્રણીઓ સહિત ૩૦૦ જેટલી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત હતા. સૌ કોઈ ડિનર લઈ અને ક્રિકેટ ફીવરના વાતાવરણમાં છૂટા પડ્યા હતા.

**☐ સ્પોર્ટ્સ સમિતી**


**MATRIMONIAL**

**NAME : VARSHIT JANAK SHAH**

Parents: Vaishai & Janak Shah
Birth Date : 14-11-1989 Height : 5'-51"(168Cm)
Place : Ahmedabad-8.40 am
Education : B.Com (NM college),CA
Job. Manager, Centrum Broking Ltd.
Mahollo : Abji Mehata no Pado.Resi.Bhayandar
Contact : 28182498 / 98212 70686
Email : shahjanak18@gmail.com
advt.

**Around The World Only With N Joy Holidays**

**Hardik N Safari** ( Director) Godad no pado
Air ticket / Holiday Packages/ Visa / Oversea Policy
All Travel Related Services
Add. Navsari Mob. 09925631284
Email : njoyholidays@hotmail.com
advt.


## પ્રથમ રાઉન્ડના મેન ઓફ ધ મેચ

**જીનેન પી. શાહ - (અંધેરી)**
**અંધેરી-વિલેપાર્લા ક્રિકેટ ટીમ વિરુદ્ધ મરીન ડ્રાઈવ ક્રિકેટ ટીમ**

**મધુર સાલવી - (બોરીવલી)**
**બોરીવલી ક્રિકેટ ટીમ વિરુદ્ધ વાલકેશ્વર / પ્રાર્થના સમાજ ક્રિકેટ ટીમ**

**જીગર શાહ - (ગોરેગામ)**
**અંધેરી-વિલેપાર્લા ક્રિકેટ ટીમ વિરુદ્ધ ગોરેગામ ક્રિકેટ ટીમ**

**વીરલ શાહ - (વાલકેશ્વર)**
**વાલકેશ્વર / પ્રાર્થના સમાજ ક્રિકેટ ટીમ વિરુદ્ધ મલાડ ક્રિકેટ ટીમ**

**વીલેશ સાલવી - (બોરીવલી)**
**બોરીવલી ક્રિકેટ ટીમ વિરુદ્ધ મલાડ ક્રિકેટ ટીમ**

**જીગર શાહ - (ગોરેગામ)**
**મરીન ડ્રાઈવ ક્રિકેટ ટીમ વિરુદ્ધ ગોરેગામ ક્રિકેટ ટીમ**

**વીલેશ સાલવી - (બોરીવલી)**
**બોરીવલી ક્રિકેટ ટીમ વિરુદ્ધ અંધેરી-વિલેપાર્લા ક્રિકેટ ટીમ**

**જીગર શાહ - (ગોરેગામ)**
**વાલકેશ્વર / પ્રાર્થના સમાજ ક્રિકેટ ટીમ વિરુદ્ધ ગોરેગામ ક્રિકેટ ટીમ**

## ફાઈનલ મેચ

**જીગર શાહ - બોરીવલી - બેટ્સમેન**
**વીશાલ શાહ - ગોરેગામ - બોલર**
**નીલય શાહ - બોરીવલી - મેન ઓફ ધી મેચ**

**વીનર્સ - બોરીવલી ક્રિકેટ ટીમ**
**રનર્સ અપ - ગોરેગામ ક્રિકેટ ટીમ**

✷ ✷ ✷

## સમય સરકી જાય તે પહેલાં...

ઉત્સાહનો એક શબ્દ કહેતાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
કોઈની આંખોમાંથી સરતા આંસુને લૂછવામાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
કોઈને મદદ કરવા હાથ લંબાવતાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
કોઈને સમજવાનો પ્રયત્ન કરવામાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
મિત્રો સાથેનો સંબંધ જાળવતાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
કોઈના હમદર્દ બનવામાં, માત્ર એક જ ક્ષણ લાગે છે.
જિંદગી આપણને મળી છે, જાણો છો કેવડી?
આવી અને ચાલી ગઈ.
બસ એ છે ક્રિયાપદ જેટલી..
તો પછી આ ક્ષણને પકડી લો,
સમય સરકી જાય તે પહેલાં...

અંગ્રેજી લેખક
**ફિલિપ્સ માઈકલ**ના
કાવ્યનો અનુવાદ.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય-પાટણ

જેઠ સુદ-૫ શનિવાર તા. ૨૩-૦૫-૨૦૧૫ના ૬૦મી સાલગીરી નિમિત્તે નીચે મુજબ કાર્યક્રમ રાખેલ છે.

જેઠ સુદ-૪ (બીજી)ને શુક્રવાર તા. ૨૨-૦૫-૨૦૧૫ના સવારે ૯:૩૦ કલાકે અઢાર અભિષેક, રાત્રે ભાવના તે જ દિવસે દાદાની ધજાનો ચઢાવો બોલવામાં આવશે અને આદેશ સાલગીરીના દિવસે સવારે આપવામાં આવશે. અષ્ટાપદજી દેહરાસર તથા પંચાસરા પરિસરમાં આવેલા પાંચેય જિનાલયના દહેરાસરનો ચઢાવો જેઠ સુદ-૪ની રાતની ભાવનામાં બોલાવવામાં આવશે અને તે જ સમયે તેનો આદેશ પણ આપવામાં અપાશે. શ્રી મૂળ નાયકની ધજા તથા દેરીઓની ધજા જેઠ સુદ-૫ સવારે ૧૧-૩૦ કલાકે ચઢાવવામાં આવશે.

બહારગામથી પધારેલ વ્યક્તિઓ માટે તા. ૨૨-૦૫-૨૦૧૫ સવારે, બપોરે અને સાંજે તથા તા. ૨૩-૦૫-૨૦૧૫ સવારે અને બપોરે જમવાની વ્યવસ્થા પંચાસરજીના કંપાઉન્ડમાં રાખેલ છે.

## અભિનંદન

(૧) **શ્રીમતી મનીષાબેન તથા શ્રી જતીનભાઈ લલીતભાઈ શાહ** (ખડાખોટડીનો પાડો, જોગેશ્વરી-મુંબઈ)ની સુપુત્રી **ચિ. પ્રાંજલ** (ઉ. વ. ૧૪)એ નાલંદા ડાન્સ એકેડમીમાં ગુરુ શ્રીમતી ઉમા રેલેના માર્ગદર્શન હેઠળ તા. ૨૧મી માર્ચ ૨૦૧૫ના રોજ અંધેરી સભાગૃહમાં આરંગેત્રમ્‌ની સુંદર રજૂઆત કરી, અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરીને સમાજનું ગૌરવ વધાર્યું છે. તે બદલ અભિનંદન

(૨) શ્રીમતી કામિની તથા શ્રી દિલેશકુમાર શાંતિલાલ શાહ (ખેતરવસીનો પાડો-પાટણ)ની સુપુત્રી **ચિ. કેતા શાહે** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)ની પરીક્ષા પાસ કરી તેના પરિવારનું નામ રોશન કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.

### મંડળના સામાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા. ૩૧-૦૩-૨૦૧૫ના દિને પૂરું થયેલ છે તેઓએ તા. ૦૧-૦૪-૨૦૧૫થી શરૂ થતા નવા સત્ર માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- સમયસર ભરવું આવશ્યક છે.

મંડળના મુખ્ય કાર્યાલય, મરીનડ્રાઈવ ઉપરાંત ગોરેગામ તથા રતનનગર, બોરીવલી અને પાટણ ખાતેના કાર્યાલયમાં પણ આપના લવાજમની રકમ ભરી શકો છો.

**□ માનદમંત્રી (એડમિનિસ્ટ્રેશન)**

## બોરીવલી-દહિસર પાટણ જૈન મિત્ર મંડળ

બોરીવલી-દહિસર પાટણ જૈન મિત્ર મંડળની પુનઃ શુભ શરૂઆત થઈ ગઈ છે. અહીંના ૨૬૦ રહેવાસી પરિવારોમાંથી સારો એવો પ્રતિસાદ મળેલ છે. તેઓના ફોર્મ ભરાઈ અને લવાજમ આવી ગયેલ છે.

સમાજના પરિવારોનું સંગઠન કરી ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, પિકનિક અને સ્નેહ-મિલન જેવા આયોજનો ગોઠવી પરસ્પર વિકાસ સાધી શકાય એવા ઉમદા હેતુથી આ મિત્ર મંડળની પુનઃ શરૂઆત કરાઈ છે. આવો મિત્રો, આપણે સૌ સાથે મળી ભ્રાતૃ ભાવનાના ઉદ્દેશ સાથે શરૂ કરાયેલ આ મિત્ર મંડળના સભાસદ બની એકબીજાના હમદમ બનીએ.

દરેક પરિવારોને ફોર્મ તથા સરક્યુલર પોસ્ટ દ્વારા મોકલી આપેલ છે. જેઓને આ ફોર્મ ન મળી શક્યા હોય તેઓએ નીચેના સંપર્ક સૂત્ર પર સંપર્ક કરી તુરત જ ફોર્મ તથા લવાજમ ભરી દેવા વિનંતી જેથી આગામી કાર્યક્રમમાં તેઓનો સમાવેશ શક્ય બને. જુજ ફોર્મ સ્વીકારવાના બાકી હોવાથી આપનું લવાજમ તુરત જ મોકલી આપશો.

**સંપર્ક સૂત્ર : પ્રતીક શાહ** CA, પ્રતીક શાહ ઍન્ડ કાં., ૪૦૬ 'શ્રી સ્ટાર પ્લાઝા', ચંદાવરકર રોડ, બોરીવલી (વેસ્ટ). મો. : ૯૮૨૦૫૧૬૦૮૯.
મયૂર એસ. શાહ, રતન નગર. મો. : ૯૮૧૯૯ ૬૫૦૦૪.
યોગેશ એન. શાહ, દહિસર. મો. : ૯૮૨૧૩૮૮૪૯૯.

### જૈન અલ્પ સંખ્યક સંસ્થા દ્વારા
### સ્વ. સી. જે. શાહને મરણોત્તર એવૉર્ડ

સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની કોઈપણ જાતના બદલાની અપેક્ષા વગર સેવા કરનાર વિરલા ભાગ્યેજ જોવા મળે છે. જૈન સમાજની પાંચ માતબર સંસ્થાઓની તન-મન-ધનથી સેવા કરનાર **સ્વ. શ્રી ચંદ્રકુમાર જયંતીલાલ શાહ** (મારફતીયા મહેતાનો પાડો)ને, પ્રભુ શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી અવસરે તા. ૪-૪-૨૦૧૫ના રોજ બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે જૈન સમાજની વિવિધ સંસ્થાઓના મહાનુભાવોની ઉપસ્થિતિમાં **'મરણોત્તર જૈન સમાજ રત્ન'** એવૉર્ડ આપીને જૈન સમાજ દ્વારા ઋણ અદા કરી, હાર્દિક શ્રદ્ધાંજલિ આપીને એક નાનકડી ફરજ અદા કરીને, કૃતજ્ઞતાની લાગણી અનુભવી છે. તે બદલ અભિનંદન.

### રાહતદરે એન્જિયોગ્રાફી

જૈન ડૉક્ટર ફેડરેશનના સહયોગથી હૃદય વિકારના દર્દીઓ માટે ખાસ રાહતના દરે વૈદાન્ત હૉસ્પિટલ, ઘોડબંદર રોડ, થાણે ખાતે **રૂા. ૩૦૦૦/-**માં એન્જિયોગ્રાફી નિદાન કરી આપવામાં આવશે. જેની કુપન માટે સંપર્ક : **ડૉ. કમલ જૈન : ૦૯૪૨૨૦૭૬૦૦૩**
આ સુવિધા **તા. ૩૧-૮-૨૦૧૫** સુધી પ્રાપ્ત થશે જેની નોંધ લેશો. તો જરૂરિયાતમંદ દર્દીઓએ સુવર્ણ સંધિનો અવશ્ય લાભ લેવા વિનંતી.

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | અનુપમાબેન વિનોદભાઈ શાહ | ૭૨ | મુંબઈ | ૩૦-૦૩-૨૦૧૫ | ચૈત્ર સુદ-૧૦ |
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ | ૮૧ | મુંબઈ | ૩૦-૦૩-૨૦૧૫ | ચૈત્ર સુદ-૧૦ |
| વિશાશ્રીમાળી | કુંભારીયા પાડો | જયશ્રીબેન ચંદ્રવદન શાહ | ૫૯ | મુંબઈ | ૩૧-૦૩-૨૦૧૫ | ચૈત્ર સુદ-૧૧ |
| દશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | હંસાબેન રજનીકાંત સંઘવી | ૭૫ | મુંબઈ | ૦૪-૦૪-૨૦૧૫ | ચૈત્ર સુદ-૧૫ |

***ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

## સાભાર-સ્વીકાર

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧૫૦૦૦૦ શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ શુભ ટ્રસ્ટ (વખતજીની શેરી)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫૦૦૦૦ શ્રી ત્રિલોકભાઈ મહાસુખલાલ શાહ (ઝવેરી વાડો)
ચિ. ધારીણીના લગ્ન પ્રસંગે

૧૦૦૦૦ શ્રી ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ શાહ (પોળની શેરી)

**શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ દલપતચંદ શાહ પ્રિ-પ્રાઈમરી સ્કૂલ ફંડ**

૨૦૦૦૦૦ શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ (શાંતિનાથની પોળ)

**શિક્ષણ સહાય / દવા સહાય ભેટ**

૪૦૦૦૦ શ્રી ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ શાહ (પોળની શેરી)

૫૦૦૦૦ ડૉ. દીનાબેન સુરેશભાઈ શાહ-યુ.એસ.એ.
ડૉ. સુરેશભાઈ એમ. શાહની પુણ્યતિથિ નિમિત્તે
હસ્તે : ડૉ. આશિષભાઈ તથા શ્રી મનીષભાઈ

**હેલ્થકેર સાધન ભેટ**

૧૩૩૨૦ શ્રી સુનીલભાઈ જૈન (મુંબઈ)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨૧૦૦૦ શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ મંગળચંદ શાહ (ભાભાનો પાડો)
શ્રીમતી અરુણાબેન વ્રજલાલ શાહ (ખડાખોટડીનો પાડો)

૭૫૦૦ શ્રીમતી નીલાબેન રમેશભાઈ ચીમનલાલ શાહના
જન્મદિનની ખુશાલીમાં (લખીયાર વાડો)

**પાલીતાણા શેત્રુંજય ગિરિરાજ ભાવયાત્રા પ્રસંગે પ્રાપ્ત થયેલ ભેટો**

૧૧૦૦૦ એક સાધર્મિક ભાઈ તરફથી

૧૦૦૦૦ શ્રીમતી માલતીબેન પ્રવીણચંદ્ર મફતલાલ શાહ
(કુંભારીયા પાડો)

૧૧૦૦૦ શ્રી પ્રદીપભાઈ ભુખંડદાસ શાહ
હસ્તે : શ્રીમતી જયશ્રીબેન પ્રદીપભાઈ શાહ (આકોલા)

૫૦૦૦ શ્રી મણિલાલ દેવચંદ શાહ (ખેજડાનો પાડો)

## મેડીકલ કમિટિ

મેડીકલ કમિટિની મિટીંગ તા. ૧૮-૪-૨૦૧૫ના રોજ મળી હતી, જેમાં ત્વરીત મેડીકલ સહાય વ્યાજબી કિંમતે આપી શકાય તે બાબતે ચર્ચાવિચારણા કરવામાં આવેલ.

- સંસ્થા તરફથી મેડીકલ સહાય માટેની નવી માર્ગદર્શીકા તૈયાર કરવાનું વિચાર્યું છે.
- મેડીકલ સહાય માટે આવેલ અરજીઓનો ત્વરીત નિકાલ લાવવાની દ્રષ્ટિએ નિર્ણય લેવાની મહત્તમ મર્યાદા ૧૫ દિવસની રાખવી તેમ નક્કી કરેલ છે.
- મુંબઈમાં પ્રેક્ટીસ કરતા પાટણના ડૉક્ટરોનો સંપર્ક કરી તેમાના વિચારો અને સેવાનો લાભ સમાજ અને સંસ્થા કઈ રીતે લઈ શકે તે બાબત મિટીંગ રાખી આપણા સમાજના ડૉક્ટરોની ડીરેક્ટરી છપાવવાનો અભિપ્રાય વિચારણા હેઠળ છે.
- સમાજના લોકોને વ્યાજબી દરે ત્વરીત દવાઓ મળી શકે તે માટે આપણા સમાજના દવાના વ્યાપારીનો સંપર્ક કરી તેમની સેવાનો લાભ લેવા પણ વિચાર્યુ છે.
- સંસ્થા મહદઅંશે હૉસ્પિટલમાંથી રજા અપાયા પછી દર્દીને આર્થિક સહાય આપતી હોય છે તેને બદલે જરૂરિયાતવાળા દર્દી હૉસ્પિટલમાં દાખલ થાય તે દરમ્યાન સહાયને ચેક હૉસ્પિટલમાં પહોંચાડવાની વ્યવસ્થાનું આયોજન કરવા પણ આગામી યોજનાઓમાં વિચારેલ છે.
- સમયાંતરે મેડીકલ કમિટિ પ્રતિબિંબના માધ્યમ દ્વારા કમિટિ દ્વારા કરેલ કાર્યનું રીપોર્ટઓકાર્ડ રજૂ કરશે જેથી દાતાઓ દ્વારા તેમજ સહાય મેળવનાર વર્ગ કમિટિના કાર્યની સમીક્ષા કરી શકે પ્રતિબિંબના આગામી અંકોમાં ઉપર્યુક્ત બાબતોની સવિસ્તાર માહિતી સમાજ સમક્ષ આપવા પ્રયત્નશીલ રહીશું.

❑ મેડીકલ સમિતિ

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

**સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કાું.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કાું. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (સાંતાક્રુઝ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રી ગુરુકૃપા માતૃમંદિર જૈન (તારદેવ)
- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
- સમરતબેન પોપટલાલ પૌષધશાળાના ભાઈ-બહેનો તરફથી (મહાલક્ષ્મી માતાનો પાડો)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ, સી. પી. ટેન્ક
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
- શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)
- શ્રી ચિંતન પરેશ રજનીકાંત શાહ (વખતજીની શેરી)
- શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વીમાવાળા) (ખેતરવસી)

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● APRIL 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Postal Regd. No. MCS / O84 / 2015–17
Published on 15th of every month

## SHREE PATAN JAIN MANDAL

### SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST (Kumbharia pado) Rs. 1 CRORE

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) Rs. 54 LACS

### VARIOUS CORPUS FUND

SMT. SUBHADRABEN RAMANLAL SHAH CHARITABLE TRUST [ Kumbharia Pado ] Rs. 1 CRORE

- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

### To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 20 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

### MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.